# અરવલ્લી-સાબરકાંઠામાં પશુઓની તસ્કરી કરતી ગેંગનો આતંક યથાવત

## પશુપાલકો ફફડી ઉઠ્યા : જિલ્લા પોલીસતંત્ર દ્વારા 'આંખ આડા કાન'

મોડાસા, તા. ૪

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં પશુઓ ચોરતી ગેંગના સભ્યો દ્વારા છાશવારે ગામડાઓમાંથી પશુઓની ચોરીની ઘટનાને અંજામ આપી પલાયન થઈ જાય છે. પશુચોરો દ્વારા પશુઓની તસ્કરી કરી અબોલ પશુઓને ગેરકાયદેસર રીતે કતલખાને મોકલી આપી દિવસ દરમ્યાન પશુઓની ખરીદી અને અન્ય ચીજવસ્તુઓ વેચવાના બહાને રેકી કરી રાત્રીના સમય દરમ્યાન પશુઓને જીપડાલામાં ઉઠાવી જવાની ઘટનાઓ વારંવાર બની રહી છે. બન્ને જિલ્લામાં પશુચોરોનો આતંક યથાવત રહેતા પશુપાલકોમાં ફફડાટ ફેલાયો છે. બન્ને જિલ્લા પોલીસતંત્ર દ્વારા પશુચોરો સામે આંખ આડા કાન કરતા હોય તેવો ઘાટ સર્જાયો છે. જ્યારે પશુચોરો ખુલ્લેઆમ દિવસ દરમ્યાન વિવિધ શહેરના માર્ગો અને ગામડાઓમાં ફરતા હોવા છતાં ઝડપી ન શકતા પોલીસતંત્રની કામગીર સામે અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા છે.

મોડાસા તાલુકાના નટવરલાલ નાનજીભાઈ પરમારના ઘરની પાછળ બાંધેલી બે ભેંસો તથા બે વછેરાને રવિવારે રાત્રીના ૩ વાગ્યાના સુમારે પાંચ અજાણ્યા પશુચોરો તેમના જીપડાલામાં (ગાડી નં. જીજે ૭એક્ષએક્ષ૧૦૬) એક તાજેતરમાં વિવાયેલી ભેંસ અને તેની પાડી ભરીને ફરાર થતા અન્ય ભેંસે અવાજ કરતા પરિવારના સભ્યો સફળા જાગી ગયા હતા અને મેઢાસણ તરફ જતા માર્ગ પર ભેંસોને જીપડાલામાં ગોઠવતા અને મુશ્કેટાટ બાંધવા જતા ભેંસોના અવાજથી નટવરલાલ તેમજ તેમના પડોશીઓએ પીછો કરતા પાંચેય શખ્સો સફેદ કલરના જીપડાલામાં ૭૫ હજારના પશુ ચોરીને પલાયન થઈ ગયા હતા. પશુચોરીનો ભોગ બનેલા અને અન્ય ગામલોકોએ જીપડાલાનો પીછો ચાલુ રાખતા પશુચોરોએ જીપડાલાનો મોડાસા-ધનસુરા રોડ પર આવેલા રાણાસૈયદ વિસ્તારમાં સંતાડી દીધુ હતુ. રાણાસૈયદના કોફથી વાકેફ લોકો મુખ્ય માર્ગ પર ઉભા રહી ગયા હતા ત્યારે રાણાસૈયદના રહેણાંક વિસ્તારમાંથી ત્રણેક પશુચોરો લાકડીઓ સાથે મુખ્ય માર્ગ પર ઉભેલાઓને ધમકાવતા પશુચોરીનો ભોગ બનેલા અને સાથે આવેલા લોકો બાઈક લઈને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને જાણ કરવા જતા હતા. ત્યારે સરડોઈ ગામના અન્ય માણસો આવી પહોંચતા પશુચોરીનો ભોગ બનેલા અને અન્ય લોકો હિંમત કરી રાણાસૈયદના દૂર મુખ્યમાર્ગ પર ઉભા હતા ત્યારે જીપડાલામાંથી બે ભેંસો ઉતારી અન્ય નંબર પ્લેટ વગરના છોટા હાથીમાં ભેંસ ભરી ફરાર થઈ ગયા હતા. આ ઘટનાથી ગભરાયેલા લોકોએ ૧૦૦ નંબર પર ફોન કરતા પોલીસ દોડી આવી હતી પરંતુ અપેક્ષા મુજબ પોલીસ પહોંચે તે પહેલા પશુચોરો છટકી ગયા હતા અને પશુચોરીનો ભોગ બનેલા લોકો અને પોલીસે વીલા મોઢે પાછુ ફરવું પડ્યું હતું.

મોડાસા રૂરલ પોલીસે સરડોઈ ગામના નટવરલાલ નાનજીભાઈ પરમારની ફરિયાદના આધારે પાંચ અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ ૩૭૯, ૧૧૪ મુજબ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

### અરવલ્લી-સાબરકાંઠા પોલીસતંત્ર કરતા પશુતસ્કરી કરતી ગેંગના હાથ લાંબા

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક નજીકના બે રહેણાંક વિસ્તારો બન્ને જિલ્લામાં અમુક અસામાજીક તત્વોના લીધે પશુતસ્કરી કરતી ગેંગના લીધે બદનામ બન્યા છે. પશુતસ્કરી કરતી ગેંગ બન્ને જિલ્લાના મુખ્યમાર્ગો અને ગામડાઓમાં રાત્રીના સમયે બેફામ પીકઅપ ડાલા અને છોટા હાથી દોડાવતા પ્રજાજનોને નજરે ચડે છે. પરંતુ આ ગેંગ અને આવા જીપડાલાઓ પોલીસની આંખે નહિ ચડતા હોય રાત્રે મુખ્યમાર્ગો પરથી સડસડાટ પસાર થતા પીકઅપ ડાલાઓ જિલ્લાના મુખ્યમાર્ગો પર ખાલીખમ ફરતા હોવા છતાં પોલીસ દ્વારા અટકાવી પુછપરછ કરવામાં આવતી નથી અને પશુની ચોરી કરી મુખ્યમાર્ગો પરથી પસાર થઈને જ ચોક્કસ વિસ્તારમાં પહોંચતા હોવા છતા બન્ને જિલ્લાનું પોલીસતંત્ર કેમ ચૂપ છે ? તે નવાઈની વાત છે. પશુચોરી કરી પશુચોરો મુખ્યમાર્ગો પરથી જ પસાર થતા હશે કે પછી આકાશમાં ઉડીને કતલખાને પશુઓને પહોંચાડતા હશે તેવો બન્ને જિલ્લાના પ્રજાજનોના મનમાં પ્રશ્નો પેદા થયા છે. કે પછી પોલીસતંત્ર કરતા આવા અસામાજીક તત્વોની ઉપર સુધી પહોંચ વધુ હશે તેવુ વિચારી રહ્યા છે.



**અરવલ્લીમાં ઉત્તરાયણ પર્વે પહેલા બાળકો પતંગ ઉડાડવાની મજામાં મશગુલ**

ઉત્તરાયણ પર્વેને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે અરવલ્લી જિલ્લાના નાના-નાના બાળકોમાં ઉત્તરાયણના ત્યૌહારને લઈને અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શાળામાં પડેલી શનિવાર અને રવિવારની રજામાં પતંગ ઉડાડી જાણે ઉત્તરાયણના દિવસ પહેલા પ્રેકટીસ કરતા હોય તેવો નજારો ઠેર ઠેર જોવા મળતો હતો અને પતંગ છેક ઉંચે આકાશે ઉડાડવાનો લાહવો લીધો હતો. કાશ ઉત્તરાયણના દિવસે પવનની ગતિ મજા બગાડે કાંતો મોટાઓ આપણા પતંગને પેચ લગાવી કાપી નાખશે... તેના કરતાં અત્રથી જ ખુલ્લા ગગનમાં પતંગ ઉડાડીને મજા તો લઈ લઈએ...

# દિયોદરના રૈયા ગામે બુટલેગરો દ્વારા મહિલા પર હૂમલો

દિયોદર, તા. ૪

દિયોદર તાલુકાના રૈયા ગામે ગત દિવસે ગ્રામજનોએ ધારાસભ્યની ઉપસ્થિતિમાં ગામમાંથી દારૂ-તમાકુ-ગુટખાના વ્યસનને તિલાંજલી અર્પવાનો નિર્ણય લીધો હતો. જેમાં આજે રૈયા ગામની એક મહિલાને કેમ ગામમાં દારૂ બંધ કરો છો તેમ કહી છરી વડે હૂમલો કરતા મહિલા ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી.

જાણવા મળતી માહિતી મુજબ દિયોદર તાલુકાના રૈયા ગામે રહેતા પુનમબેન જોરાજી ઠાકોર આજે વહેલી સવારે ખેતરમાંથી દૂધ ભરાવા ડેરી તરફ જઈ રહ્યા હતા તે સમયે



ગામમાં રહેતા ભગાજી સાદુળજી ઠાકોરે મહિલાને રોકાવી કહેલ કે તારો દિયર ગામનો આગેવાન છે. તે સમય મહિલાએ કહેલ કે મારા દિયર ગામના કમિટિ સભ્ય છે અને ગામ સાથે રહિ ગામમાં દારૂબંધી કરાવે છે. તેવુ કહેતા ભગાજી સાદુળજી ઠાકોર ઉશ્કેરાઈ જઈ તેના હાથમાં રહેલી છરી વડે મહિલાના હાથ ઉપર હૂમલો કર્યો હતો. જેમાં તેનો દિકરો છોડાવવા જતા અન્ય ભગાજીના ભાઈ જયંતિભાઈ સાદુળજી ઠાકોર આવી મહિલાને મા-બેન સામે ભુંડી ગાળો બોલી હતી. જે બાબતે ઈજાગ્રસ્ત થયેલ મહિલાને તાત્કાલિક સારવાર દિયોદર રેફરલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જે બાબતે મહિલાએ દિયોદર પોલીસ મથકે બે ઈસમ વિરૂદ્ધ ગુન્હો નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ બાબતે મહિલાએ જણાવેલ કે મારા દિયર ગામના સભ્ય છે અને ક્ષત્રિય સેના સાથે રહી ધારાસભ્યની ઉપસ્થિતિમાં ગામમાં દારૂ-તમાકુ-ગુટખાના વ્યસનને તિલાંજલી આપવા સાથે છે. જેનો વિરોધ રાખી મારી ઉપર હૂમલો કરવામાં આવ્યો છે. આ બન્ને જણા ગામમાં દારૂ વેચે છે.



**પ્રાંતિજ નેશનલ હાઈવે પર બે કાર વચ્ચે અકસ્માત**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર બે કાર વચ્ચે અકસ્માત થતા એક કાર ૩૦ ફૂટ ખાઈમાં જઈ પડી ત્યારે કારમાં સવાર ત્રણેય એકજ પરીવારના સભ્યોનો આબાદ બચવા થયો હતો.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ મચ્છી કેન્દ્ર પાસે અમદાવાદ તરફથી આવતીકાર હોન્ડા એમેજ નંબર જીજે૧૬બીજી૬૪૮૬ અને પ્રાંતિજથી નેશનલ હાઈવે જતી વેગેનાર કાર નંબર જીજે૦૯બીએ.૮૩૨૨ વચ્ચે અકસ્માત થતાં અમદાવાદ સાઈડથી જયપુર જતી કારને ટક્કર વાગતા કાર ૩૦ ફૂટ ઊંડી ખાઈમાં જઈ પડી હતી અને કારની અંદર આવેલ એર બેગ ખુલી જતાં કારમાં સવાર ભરૂચના પરિવારના ત્રણેય સભ્યોનો બચાવ થયો હતો. જ્યારે અકસ્માત થતાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા ત્યારે હાઈવે ઉપર ટ્રાફિક જામ થયો હતો. જ્યારે પ્રાંતિજ પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવીને ટ્રાફિક હળવો કર્યો હતો.

## ખેડવા ગામમાં જમીનના ઝઘડા મામલે હુમલો

ખેડબ્રહ્મા, તા.૪

ખેડબ્રહ્મા તાલુકાના ખેડવા ગામે જમીનની તકરારમાં કોર્ટ કાર્યવાહી થતાં કોર્ટની નોટીસો મળતી હોઈ ગામની એક મહિલા ઉપર વહેમલ રાખી લાકડીઓ વડે હુમલો કરી બે મહિલાઓને ઈજા પહોંચાડવા સંદર્ભે ખેડબ્રહ્મા પાલોસ સ્ટેશનમાં ત્રણ ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

ખેડવા ગામના શકાભાઈ પાબુભાઈ ગમાર, રમેશભાઈ વીરાભાઈ ગમાર તથા વિનોદભાઈ નાંણાભાઈ ગમાર વિરુદ્ધ જમીનની તકરાર અંગે કોર્ટમાં કેસ થયો હતો. તેથી આ ત્રણે જણાને વારંવાર કોર્ટની નોટીસો મળતી હતી. આ નોટીસો અંગે કેડવાની ઉમીબેન કાંસાભાઈ ગમાર ઉપર વહેમ રાખતા હતા. દરમિયાન શુક્રવારે સવારે આ ત્રણે જણાએ લાકડીઓ વડે ઉમીબેન ગમાર ઉપર હુમલો કર્યો હતો અને ઉમીબેન ગમાર ઉપર હુમલો કર્યો હતો અને ઉમીબેનના જમણા હાથે લાકડીઓ મારી ઈજા પહોંચાડી હતી. અને બદલીબેન ગમાર વચ્ચે પડતાં શકાભાઈ ગમારે ધક્કો મારતાં તે જમીન ઉપર પડી હતી અને કમરના ભાગે ઈજા પહોંચાડી હતી.

આ અંગે ઉમીબેન ગમારે ખેડવા ગામનાજ પાબુભાઈ ગમાર સહીત ત્રણ ઈસમો વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખેડબ્રહ્મા માર્કેટયાર્ડમાં કપાસના ભાવ મામલે ખેડૂતોનો હોબાળો

## શનિવાર કરતા ઓછા ભાવ પડતાં ૨૦૦ જેટલા વાહનો લઈ આવેલા ખેડૂતોએ માર્કેટયાર્ડ માથે લીધુ

ખેડબ્રહ્મા, તા. ૪

ખેડબ્રહ્મા માર્કેટયાર્ડમાં સોમવારે મોટી સંખ્યામાં વાહનો લઈ



કપાસ વેચવા આવેલા ખેડૂતોએ શનિવાર કરતા ઓછા ભાવે પડતાં હરાજીનો વિરોધ કરી હોબાળો કર્યો હતો. અને માર્કેટયાર્ડના મુખ્ય દરવાજા ઉપર ટ્રક મુકી દઈ ચક્કાજામ કર્યો હતો.

ખેડબ્રહ્મા માર્કેટયાર્ડમાં કપાસના ભાવ ઉંચા પડતા હોવાથી ખેડબ્રહ્મા સહીત અન્ય તાલુકાના ખેડૂતો પણ કપાસ વેચવા ૨૦૦ કરતા વધુ વાહનો લઈ કપાસ વેચવા આવ્યા હતા. જગમેરકંપાના નારાયણભાઈ શામજીભાઈ પટેલ, પ્રજાપતિ સુરેશભાઈ બેચરભાઈ લક્ષ્મીપુરા,



ચેનવા રમેશભાઈ રાજાભાઈ દેરોલ, પટેલ નરેશભાઈ ફલજીભાઈ નાદરી, પટેલ છલજીભાઈ જીવાભાઈ નીચીધમાલ તથા પ્રજાપતિ રમણભાઈ અમથાભાઈ સુરતી કંપા સહીત અન્ય ખેડૂતોના જણાવ્યા અનુસાર સોમવારે કપાસ વેચવા મોટી સંખ્યામાં ખેડૂતો આવ્યા છે. પણ શનિવારે પડેલા ભાવ રૂ. ૯૮૫ કરતાં ઓછા ભાવથી હરાજી શરૂ થતાં ખેડૂતોમાં અસંતોષ ફેલાયો હતો અને હરાજીનો વિરોધ કર્યો હતો. અને હોબાળો મચાવી દીધો હતો. એક તબક્કે તો માર્કેટયાર્ડના મુખ્ય દરવાજા ઉપર ટ્રક ઉભો કરી દઈ ચક્કાજામ કરી દીધો હતો. શનિવાર કરતાં મણે રૂ. ૪૦ના ભાવે ઓછા પડતા ખેડૂતો હરાજી ચાલુ થતા ખેડૂતો વિફર્યા હતા અને કપાસ વેચવા તૈયાર ન હતા.

## ઈડરની મહિલાને ત્રાસ અપાતા ચાર વિરૂદ્ધ ફરિયાદ

ઈડરની જુની સિવિલ મહામંદિર પાસે રહેતા એક મહિલાને તેમના પતિ અને સાસરીયા દ્વારા છેલ્લા એક માસથી અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ આપી દહેજ પેટે રૂ. ૫ લાખ લાવવા દબાણ કરી મહિલાને ઘરેથી કાઢી મુકી હતી.

ઈડરની જુની સિવિલ મહામંદિર પાસે રહેતા કંચનબેન બાબુભાઈ પરમારના લગ્ન ગાંધીનગર જિલ્લાના ધણપ ગામના ભરતભાઈ દશરથભાઈ રાઠોડ સાથે કરાયા હતા. લગ્ન બાદ પતિ ભરતભાઈ, સાસુ જશીબેન, સસરા દશરથભાઈ અને તેમના કુટુંબી મામા ભરતભાઈ ઉર્ફે ભોળાભાઈ શિવાભાઈ સાકરીયા દ્વારા અવારનવાર કંચનબેનના ચારિત્ર્ય પર ખોટો વહેમ રાખી મારી નાંખવાની ધમકી આપવામાં આવતી હતી.

## ખેડબ્રહ્મામાં કાંકરેજ ગાય આપણા આંગણે યાત્રા સંદર્ભે સંમેલન યોજાયું

ખેડબ્રહ્મા, તા.૪

ખેબ્રહ્મામાં જળ ક્રાંતિ ટ્રસ્ટ દ્વારા સોમવારે કચ્છી સમાજવાડીમાં કાંકરેજ ગાય આપણા આંગણે યાત્રા સંદર્ભે સંકલ્પ યાત્રા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગોતા કંપાના શાંતિદાસ બાપુ-ભારતીય કિસાન સંઘના પ્રદેશ પ્રતિનિધિ બી.કે. પટેલ-જિલ્લા પ્રમુખ વકતાભાઈ પટેલ-એપીએમસીના ચેરમેન જશુભાઈ પટેલ તથા આદિવાસી સમાજના અગ્રણી જેઠાભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. વકતાએ નવી પેઢીને



પ્રસંગે જળક્રાંતિ અને ગીર ગાય ક્રાંતિના પ્રણેતા મનસુખભાઈ સુવાગીયાએ દૈનિક ૧૨ થી ૨૫ લીટર અને વેતરનું ૨૫૦૦થી ૬૦૦૦ લીટર દૂધ આપતી ૧૧ લાખ પૂર્ણ જાતવાન કાંકરેજ ગાય નિર્માણનો ઐતિહાસિક સંકલ્પ લેવડાવ્યો હતો. ગોપાલન-ગૌસંવર્ધન અને ગોદોહન સંસ્કાર આપવા ઉપર ભાર મુકયો હતો. ભારતીય કિસાન સંઘ ખેડબ્રહ્મા તથા ગૌશાળા ખેડબ્રહ્માના દિનેશભાઈ પટેલ તથા ભૂપેન્દ્રભાઈ પટેલે આ સંમેલનને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## સ્વરોજગાર કરતા ત્રણ વિકલાંગોને રાજયપાલશ્રીના હસ્તે એવોર્ડ વિતરણ કરાયા

મોડાસા, તા.૪

અભિલાષા ચેરીટેબલ ટ્રસ્ટ,માલપુર કે જે વિકલાંગોના વિકાસ માટે કાર્યરત છે. તેના ત્રણ વિકલાંગ તાલીમાર્થીઓને અમદાવાદ ખાતે આયોજીત એક કાર્યક્રમમાં સ્વરોજગારી અંગેના પારિતોષિક એનાયત કરાયા હતા અમદાવાદ ગોતા સ્થિત રૂરલ ડેવલપમેન્ટ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ દ્વારા નંદિની નીલયમ સાંસ્કૃતિ સભાગૃહ ખાતે આયોજીત કાર્યક્રમમાં વાર્ષિક પુરસ્કાર વિતરણ કાર્યક્રમમાં અભિલાષા ચે.ટ્રસ્ટના કુ. કોકીલાબેન ડામોર, મનહરભાઈ દરજી તથા પ્રિતેષભાઈ પરમારને રાજયપાલશ્રી મા.ઓ.પી. કોહલીના વરદહસ્તે પ્રમાણપત્ર તથા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. સમારંભમાં રાજય વિકલાંગ કમિશનરશ્રી સંજય નંદન, સા. નિયામક મંદાબેન પરીખ તથા અન્ય ટ્રસ્ટીગણ પણ ઉપસ્થિત હતો. રાજયકક્ષાના આ પુરસ્કાર મેળવવા બદલ ટ્રસ્ટના પ્રમુખશ્રી જીજ્ઞેશભાઈ ભટ્ટ તથા શુભેચ્છકોએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

## દિધિયા ગામના યુવકનું ખેંચ આવતા મોત

હિંમતનગર, તા. ૪

ખેડબ્રહ્મા તાલુકાના દિધિયા ગામે શનિવાર સાંજના ૭ વાગ્યાની આસપાસ સેનાભાઈ કાળાભાઈ પગીને ખેંચ આવતા તેમને સારવાર અર્થે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. જે અંગે કિરણભાઈ સેનાભાઈ પગીએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને જાણ કરી હતી.



પાલનપુરની જાણીતા શૈક્ષણિક સંસ્થા વિવિધલક્ષી વિદ્યામંદિરમાં બિસ્લા ગ્રુપ અને વિદ્યામંદિર દ્વારા વિશ્વ વિખ્યાત ઈટર્નલ ગાંધી પ્રદર્શન યોજાયું છે. જેમાં ઉત્તર ગુજરાતના લોકો, વિદ્યાર્થીઓ આ પ્રદર્શન નિહાળશે. સંસ્થાના નિયામક હસમુખભાઈ મોદીએ જણાવેલ કે આજની પેઢીને આ પ્રદર્શન જોઈ જાણી જીવનમાં ગાંધી સિદ્ધાંતોને અનુસરવા પ્રેરણા આપશે. આ પ્રસંગે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડિરેક્ટર ગણપતભાઈ જોષી પત્રકારો સાથે પ્રદર્શન નિહાળી રહ્યા છે. તેમણે જણાવેલ કે વિદ્યામંદિર પ્રતિ વર્ષ કંઈકને કંઈક નવું વિદ્યાર્થીઓ માટે આયોજન કરે છે જે પ્રસંશાને પાત્ર છે.

## મોડાસામાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ફ્રી માર્ગદર્શન સેમિનાર યોજાયો

મોડાસા, તા. ૪

મ.સા. ગાંધી ઉ.કે. મંડળ સંચાલિત પીસીએસએસ કેરિયર ડેવલમેન્ટ એકેડમી અંતર્ગત સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન કેન્દ્ર બે વર્ષથી શરુ કરવામાં આવેલ છે. જેમાં કૉલેજ કેમ્પસના જુદી જુદી વિદ્યાશાખાના અનેક વિદ્યાર્થીઓ લાભ મેળવી રહ્યાં છે.

તાજેતરમાં તલાટીના માર્ગદર્શન માટે સ્પીપા અમદાવાદથી લેકચર લેવા માટે ડૉ. નાયક આવ્યા હતા. સમગ્ર અરવલ્લી જિલ્લાનું મંડળ સંચાલિત એક માત્ર સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેનું માર્ગદર્શન કેન્દ્ર મોડાસા ખાતે કાર્યરત છે. તે જાણીન સ્પીપા અમદાવાદની ટીમે આનંદ વ્યક્ત કર્યો હતો. પીસીએસએસ માર્ગદર્શન કેન્દ્રમાં અમદાવાદથી અને ગાંધીનગરથી તજજ્ઞ ફેકલટી ભણાવા માટે આવતી હોય છે. તલાટીના વર્ગો સોમથી શુક્ર દરરોજ નિયમિત રીતે ચાલે છે. આ વર્ગોમાં કેમ્પસના વિદ્યાર્થીઓને તલાટી પરીક્ષામાં ફી મટીરીયલ્સની સગવડ કરવામાં આવી છે. તેમ પીસીએસએસ ના કા-ઓર્ડિનેટર ડૉ. સંતોષ દેવકરે જણાવ્યું હતું. વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ કેન્દ્રનો લાભ લે તેમ પ્રભારી મંત્રી સુભાષભાઈ એમ. શાહ અને પ્રમુખ નવીનચંદ્ર આર. મોદીએ આશા વ્યક્ત કરી છે.